# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-01-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## મારુતિ સુઝુકી પ્લાન્ટ

**ગાંધીનગરના ખોરજ ખાતે મારૂતિ સુઝૂકી ઇન્ડિયા લિમિટેડ દ્વારા 35 હજાર કરોડ રૂપિયાના રોકાણ થકી વાહનોના ઉત્પાદનનો પ્લાન્ટ તૈયાર કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજ્ય સરકાર અને મારૂતિ સુઝૂકી વચ્ચે રોકાણ માટેના પત્ર સોંપવાનો કાર્યક્રમ ગાંધીનગરમાં યોજાયો હતો. આ પરિયોજનાથી રાજ્યની ઑટોમૉબાઇલ કેન્દ્ર તરીકેની ઓળખ વધુ મજબૂત બનશે એવો વિશ્વાસ રાજ્ય સરકારે વ્યક્ત કર્યો છે.**

**------------------------------------------------------------------------------------------**

## ગુજરાત વિધાનસભા બજેટ સત્ર

**ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર 16 ફેબ્રુઆરીથી શરૂ થશે. જ્યારે 17 ફેબ્રુઆરીના રોજ નાણાંમંત્રી કનુ દેસાઈ બજેટ રજૂ કરશે. વિધાનસભાના 8મા સત્રનું આહ્વાન રાજ્યપાલ દ્વારા કરવામાં આવ્યું છે. 23 દિવસ ચાલનારા આ સત્રમાં 26 બેઠકો મળશે તેમ વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું.**

**------------------------------------------------------------------------------------------**

## કચ્છ – સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક

**કચ્છના પ્રભારીમંત્રી કાંતિલાલ અમૃતિયાએ આજે કલેકટર કચેરી ખાતે સંકલન બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરી હતી.**

કચ્છમાં તમામ વણઉકેલાયેલા પ્રશ્નોના ઉકેલ માટે રાજય સરકાર કટિબધ્ધ હોવાનું જણાવીને એક પણ પ્રશ્ન પડતર ન રહે તે નિતી સાથે ગુણવત્તાયુક્ત કામ કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું. તેમણે કચ્છમાં પાણી, રસ્તા સહિતના પ્રશ્નોની ઉકેલની પણ ખાતરી આપી હતી.

બેઠકમાં ઉપસ્થિત રહેલા રાજ્યમંત્રી ત્રિકમભાઇ છાંગાએ કચ્છના વિકાસને નવી ઉંચાઇએ લઇ જવા અધિકારીઓને વધુ ખંત,નિષ્ઠાથી કામ કરવા જણાવ્યું હતું.

સાંસદ વિનોદભાઈ ચાવડાએ પાલારા-શેખપીર બાયપાસ રોડની કામગીરી, રોડ રસ્તાના સમારકામ સહિતના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. ભુજના ધારાસભ્ય કેશુભાઇ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, અબડાસાના ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, વગેરેએ પણ વિવિધ રજુઆતો કરી હતી.

જીલ્લા કલેક્ટર આનંદ પટેલે પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રશ્નો અંગે અધિકારીઓ પાસેથી વિગતો મેળવીને તાત્કાલિક અસરથી પ્રશ્નોનું નિવારણ લાવવા સૂચના આપીને માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

-----------------------------------------------------------------------------------

## પાણી વેરા પ્રોત્સાહન યોજના

ગ્રામ્ય કક્ષાએ પાણી પુરવઠા યોજનાઓનું અસરકારક સંચાલન થાય, યોજનાનું માળખું સુદ્રઢ બને, પાણી વેરાની વસુલાતમાં નિયમિતતા આવે તેમજ ગ્રામ પંચાયત સક્ષમ બને તે હેતુથી પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણી વેરા પ્રોત્સાહન યોજના જાહેર કરવામાં આવી છે. જેના પ્રારંભિક વર્ષ ૨૦૨૪-૨૫માં કચ્છની ૪૨ જેટલી ગ્રામ પંચાયતોને ૨૬ લાખની પ્રોત્સાહક રકમ તેમજ જીલ્લાના કુલ ૨૨૪ જેટલા VCEને કુલ ૧૦ લાખ જેટલી પ્રોત્સાહન રકમ વાસ્મો દ્વારા ફાળવવામાં આવેલ છે. જે પૈકી ૦૭ ગ્રામ પંચાયતોને આજે પ્રભારી મંત્રી કાંતિભાઈ અમૃતિયા તેમજ રાજ્યમંત્રી ત્રિકમ ભાઈ છાંગાની ઉપસ્થિતિમાં પાણી વેરા વસુલાત પ્રોત્સાહક યોજનાના સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૦૦% વેરા વસુલાત કરનાર રાપર તાલુકાની શાણપર તેમજ ૫૦% વેરા વસુલાત કરનાર ગ્રામ પંચાયતોમાં ભુજ તાલુકાની

વર્ધમાનનગર અને  નાગોર, નખત્રાણા તાલુકાની નેત્રા, માંડવી તાલુકાની ગૂંદીયાળી, લખપત તાલુકાની જુણાગીયા, ભચાઉ તાલુકાની ઘરાણા ગ્રામ પંચાયતનનો સમાવેશ થાય છે.

---------------------------------------------------------------------------------

## બાલ વાટિકાઓ

રાજ્યની તમામ સરકારી બાળવાટિકા તથા ધોરણ એક અને બે-ના વિદ્યાર્થીઓ “જાદુઈ પિટારા”થી આનંદદાયી શિક્ષણ મેળવશે. બાળકો ગોખણિયા શિક્ષણની જગ્યાએ પ્રવૃત્તિલક્ષી શિક્ષણ મેળવે તે માટે રાજ્ય સરકારે આ પહેલ કરી છે. જાદુઈ પિટારા થકી બાળકોને રમત, કળા, સંગીત, નવાચાર, પ્રવૃત્તિ-પ્રૉજેક્ટ, સહપાઠી શિક્ષણ,  મહાવરો, મૂલ્યાંકન જેવા વિવિધ પ્રયાસથી રમકડાં આધારિત શિક્ષણ આપનારું ગુજરાત પ્રથમ રાજ્ય હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------

## ભૂકંપનો આંચકો

કચ્છમાં ફરી ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ ગાંધીનગરના પ્રભારી નિદેશક ડૉક્ટર સંતોષ કુમારે કહ્યું કે, રાત્રે એક વાગીને 22 મિનિટે ચાર પોઈન્ટ એકની તીવ્રતાના આ આંચકાનું કેન્દ્ર બિન્દુ ખાવડાથી 55 કિલોમીટર દૂર ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં પાકિસ્તાનમાં નોંધાયું હતું.

(બાઈટ..... ગાંધીનગરના પ્રભારી નિદેશક ડૉક્ટર સંતોષ કુમાર)

આ પહેલા 13 જાન્યુઆરીએ ધોળાવીરા નજીક 2.7ની તીવ્રતાનો આંચકો નોંધાયા બાદ ગઈકાલે શુક્રવારે વાગડ પંથકમાં એક જ દિવસે અનુક્રમે 2.5 અને 2.7ની તીવ્રતાના  બે હળવા કંપનો અનુભવાયા હતા. જયારે, ગત 26 ડિસેમ્બરે રાપરના ગેડી ગામની નજીક કેન્દ્રબિંદુ ધરાવતો 4.4ની તીવ્રતાનો મોટો આંચકો આવ્યો હતો.

**ઉલ્લેખનીય છે કે, કચ્છમાં વિનાશક ભૂકંપની 25મી વર્ષગાંઠ નજીક આવી રહી છે, એવા સમયે જિલ્લામાં ફરી એકવાર ભૂકંપના હળવા કંપનોનો દોર યથાવત્ રહેતાં લોકોમાં ચિંતા જોવા મળે છે.**

**---------------------------------------------------------------------------------------------**

## ઠંડી

**ઠંડી ઘટાડો થવાની હવામાન વિભાગે આગાહી કરી છે. પવનની દિશા બદલાતા તાપમાન બેથી ત્રણ ડિગ્રી વધશે તેમ હવામાન વિભાગના વડા ડૉક્ટર એ.કે. દાસે જણાવ્યુ હતું.**

**(બાઇટ – ડોક્ટર એ.કે. દાસ, હવામાન વિભાગના વડા)**

**---------------------------------------------------------------------------------------------**